# જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કેસો ૧૫૭ નોંધાયા

## શહેરમાં ૫૩ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૪ કેસ નોંધાયા : ૮ માસના નાના ભૂલકાંથી લઈ ૮૮ વર્ષની વૃદ્ધા પણ કોરોનામાં સપડાઈ ગાંધીનગર, દહેગામ અને કલોલમાં ૯૦ ટકાથી વધુ કેસો નોંધાયા : જિલ્લાની આરોગ્ય સેવાઓ સામે એક નવો પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૫૭ પર પહોંચી છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા ૧૫૭ કેસોમાં ૫૩ કેસ ગાંધીનગર શહેરમાં તો ૧૦૪ કેસ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૬૨ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે હાલ ૯૦ કેસ એક્ટીવ છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા વધતાં તંત્ર દ્વારા આગામી દિવસોમાં કેવા પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર કલોલ અને દહેગામ તાલુકામાં ૯૦ ટકાથી વધુ કેસો નોંધાયા છે. માણસા તાલુકામાં કેસોની સંખ્યા ઓછી જોવા મળી રહી છે. ગાંધીનગર, કલોલ અને દહેગામમાંથી ૯૦ થી પણ વધુ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં જિલ્લા આરોગ્યતંત્રને સઘન સર્વેલન્સ માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં નોંધાયેલા કેસોમાં ૮ માસના નાના ભૂલકાંથી લઈ ૮૮ વર્ષની વૃદ્ધા સહિતના દર્દીઓ મળી આવ્યા છે. આ કેસો લોકલ ટ્રાન્સમિશનના હોવાનું તંત્ર કહી રહ્યું છે.

તંત્ર સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર જરૂર રાખી રહેલ છે પરંતુ રોજ નવા નવા વિસ્તારોમાં કેસો નોંધાતા જોવા મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જો કે જિલ્લાતંત્રએ લોકડાઉનને હળવુ કરવાનો નિર્ણય કર્યો છે પણ હવે પરિસ્થિતિ કેવો વળાંક લેશે તેને લઈ ચિંતાતુર છે. જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ઉપરાંત ત્રણ કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે.

# શહેરમાં વધુ ૨ કેસ

### સે. ૨૭ની મહિલા બેંક કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ, સે. ૨૪ના ઈન્દિરાનગરમાંથી વધુ એક કેસ મળી આવ્યો : સે. ૨૭માં કન્ટેમેન્ટ ઝોન હેઠળનું જાહેરનામુ જારી કરાયુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૩ પર પહોંચી છે.

શહેરમાં આજે નોંધાયેલ બે કેસમાં એક મહિલા બેંક કર્મચારી હોવાનું અને સે. ૨૪ના ઈન્દિરાનગરનો યુવક હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના સે. ૨૭માં આજે નવો કેસ આવ્યો છે. આ દર્દી ગાંધીનગર શહેરની એક બેંકમાં કર્મચારી હોવાનું જાણવા મળેલ છે. આજે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રએ દર્દીના નિવાસસ્થાનનું સેનીટાઈઝેશન કરવા ઉપરાંત તેણીનીના ઘરની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ પણ હાથ ધરવાની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર મનપા દ્વારા સે. ૨૭માં આ દર્દીના નિવાસસ્થાન વિસ્તારની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતુ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કર્યુ છે.

**કયા સેક્ટરમાં કેટલા કેસ ?**

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૮ | ૦૫ |
| સેક્ટર-૩ | ૦૬ | ૦૫ |
| સેક્ટર-૩ન્યુ | ૦૫ | ૦૨ |
| સેક્ટર-૫ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૭ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૮ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૧ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૨૩ | ૦૪ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૧૧ | ૦૪ |
| સેક્ટર-૨૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૦ |
| કુલ | ૫૩ | ૩૧ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

અગાઉ શહેરના ૧૭ વિસ્તારોમાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા હતા અને આ પછી સે. ૨૧ અને સે. ૨૭માં પણ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧૯ થઈ છે. શહેરમાં ૪૫ હજારથી વધુ વસ્તી હાલ કન્ટેનમેન્ટ ઝોન હેઠળ છે.

આજે બીજો કેસ સે. ૨૪ના ઈન્દિરાનગરમાંથી મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ૨૮ વર્ષીય યુવકનો નમુનો આજે પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો મુજબ સે. ૨૪માં શ્રીનગર બાદ ઈન્દિરાનગર વસાહતમાં હવે કોરોનાનું સંક્રમણ જોવા મળી રહ્યું છે. તંત્રએ આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ સેનીટાઈઝેશનની કામગીરી સઘન બનાવવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ નવ કેસ

### તંત્રમાં હડકંપ મચ્યો : કલોલમાં વધુ પાંચ કેસ : દહેગામમાં આરોગ્યના બે કર્મચારીઓ કોરોનામાં સપડાયા : એક સગર્ભા માતા અને એક સાત વર્ષની દિકરીનો રિપોર્ટ પણ પોઝીટીવ : ગાંધીનગર ગ્રામ્યમાં પણ બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ નવ કેસ નોંધાતા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી અને ૧૦૪ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસોમાં કલોલમાં સૌથી વધુ પાંચ કેસ અને ગાંધીનગર ગ્રામ્યના બે કેસ તેમજ દહેગામ તાલુકામાં બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં બે કેસ આરોગ્ય કર્મીના હોવાથી તંત્રએ આંચકો અનુભવ્યો છે.

આજે નોંધાયેલ કેસોમાં એક સગર્ભા માતા અને એક સાત વર્ષની બાળકીનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પણ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું તારણ તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. તંત્રએ આજે મળેલા આ કેસ પછી તેની કામગીરીને વધુ સઘન બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણ ખાતેથી આજે વધુ એક કેસ મળી આવ્યો છે. આ દર્દી છેલ્લા થોડાક દિવસથી હોમ ક્વોરોન્ટાઈન હતો. તે અમદાવાદ સ્થિત એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. તેના નમુના ગઈકાલે લેવાયા હતા જે આજે રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

તંત્રએ આ દર્દીના પરિવારના અન્ય બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

આ ઉપરાંત છાલા ખાતે એક સગર્ભા મહિલાને કોરોના પોઝીટીવ આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ મહિલાને પ્રસુતિનો સમય નજીક હોવાનું પણ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર



સોનેરી સંધ્યા - સતત બે મહિનાના લોકડાઉનના પગલે પર્યાવરણના શુદ્ધિકરણથી પ્રાકૃતિક વૈભવ નરી આંખે નિહાળી શકાય છે... શહેરના સેક્ટર-૭ના ધાબા પરથી શુક્રવારની સંધ્યાનું અદ્દભૂત દશ્ય કેમેરામાં કેદ થયું ત્યારે પ્રાકૃતિક વૈભવની અનુભૂતિ થઈ હતી... (તસવીર સૌજન્ય : ભૃગુ પંડ્યા)

# શહેરમાં આજથી કરિયાણા, શાકભાજીના વેચાણને છૂટ

### કન્ટેનમેન્ટ ઝોનમાં પણ કરિયાણુ શાકભાજી મળશે : સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક ફરજિયાત સપ્તાહના અંતે શહેરમાં નાગરિકોને જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ મળી રહેશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી કરિયાણા તેમજ શાકભાજીનુ વિતરણ બંધ કરી દેવામાં આવ્યુ હતુ. કોરોનાના વધતા કેસને ધ્યાને લઈ શહેર તેમજ જિલ્લામાં શાકભાજી અને કરિયાણા સહીતની ચીજવસ્તુઓનુ વેચાણ બંધ કરી દેવાયુ હતુ. કોરાનાના કહેરને ડામવા માટે સોશિયલ ડીસ્ટન્સીંગનુ કડક રીતે પાલન કરવા માટે સરકાર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. જયારે આજથી સોશિયલ ડીસ્ટન્સીંગના અમલ સાથે શહેરમાં કરિયાણા , શાકભાજીના વેચાણ સહીત દળવાની ઘંટી શરૂ કરવામાં આવશે. શહેરના કન્ટેન્મેન્ટ ઝોનમાં પણ શાકભાજી સહીત જીવનાજરૂરીયાતાની ચીજવસ્તુઓનુ વેચાણ કરી શકાશે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૫૦ દિવસથી લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં પ્રારંભિક તબક્કે કોરાનાના કેસ ધ્યાને આવતા હરકતમાં આવેલા તંત્રએ કડક લોકડાઉનનો અમલ શરૂ કરી દીધો હતો. જયારે એક તબકકે લોકડાઉનની અસર તેમજ જનજાગૃતિના માધ્યમથી શહેરને કોરોનામુકત જાહેર પણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ લોકડાઉન દરમિયાન જ અચાનક જ શહેરમાં કોરોનાના નવા કેસ ધ્યાને આવવાનુ શરૂ થયુ હતુ. જયારે દિવસો વિતતા કોરોનાના કેસમાં સતત વધારો થતા તંત્ર માટે ચિંતાનો વિષય ઉભો થયો છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં સતત કોરોનાના નવા કેસ સામે આવતા લોકડાઉનનો વધુ કડક અમલ કરવાના નિર્ણય સાથે શાકભાજી અને કરિયાણાની દુકાનો પણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જો કે સંપુર્ણ લોકડાઉન દરમિયાન પણ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં કોરોના વાયરસના નવા કેસો નોંધાયા છે. ત્યારે બીજીતરફ આમ નાગરિકોની જરૂરિયાતને ધ્યાને લઈ સપ્તાહના અંતે હવે શનિવારથી શહેરમાં કરિયાણા , શાકભાજી તેમજ દળવાની ઘંટીની દુકાનો ખુલ્લી રાખવા દેવાશે. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી શાકભાજી તેમજ કરિયાણાની ચીજવસ્તુઓનુ વેચાણ બંધ છે. આવા સંજોગોમાં નાગરિકો હવે આ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તેવી પણ માંગણી કરી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા શનિવારથી કરિયાણા સહીતની જરૂરી ચીજવસ્તુઓનુ વેચાણ કરવા માટે દુકાનદારોને છુટછાટ આપવા નિર્ણય લેવાયો છે. જેના લીધે શહેરમાં આજથી કરિયાણા અને શાકભાજીનુ વેચાણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત બેંકો તેમજ સરકારી કચેરીઓની સેવાઓ પણ શરતને આધિન શરૂ કરી દેવાશે. જિલ્લા કલેકટર ડો કુલદિપ આર્યએ પ્રસિધ્ધ કરેલા જાહેરનામા અન્વયે શહેરના કન્ટેન્મેન્ટ ઝોનમાં પણ કરિયાણુ શાકભાજી , ફળફળાદી તથા અનાજ દળવાની ઘંટી સવારના ૮ થી સાંજના ૮ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. જયારે આ દરમિયાન નાગરિકોએ સામાજિક અંતર જાળવવાની સાથે માસ્ક પણ ફરજિયાત પહેરવાનો રહેશે.

# ...ને કોરોના વોરિયર્સ રક્તદાતા બન્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ત્રણ એનીમિક સગર્ભાઓ દાખલ કરવામાં આવી છે. તેમની પ્રસુતિનો સમય નજીક હોવાથી સિવિલ સત્તાવાળાઓએ લોહીની જરૂરિયાત ધ્યાને રાખી આ માટેની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની મુંઝવણ અનુભવતા હતા.



દોડધામ પછી પણ લોહી ઉપલબ્ધ ન થતાં તંત્રના અધિકારીઓ ગભરાયા હતા. આજ પળે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આસિ. આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ જલપરા, ડૉ. કલ્પેશ પરીખ, ડૉ. ચિંતન સોલંકી, પ્રકાશભાઈ પરમાર (એલ.આઈ.) અને બીજા ત્રણ જણાએ મળી ત્યાં જ પોતે રક્તદાન કરી રહ્યા છે તેવી જાહેરાત કરી.

રક્તદાન આ વોરિયર્સ દ્વારા કરવામાં આવ્યુ. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રક્તની જરૂરિયાત છે પણ લોકડાઉનને કારણે રક્તદાતાઓ સિવિલ સુધી પહોંચી શકતા નથી. આથી તંત્રએ ખાસ વ્યવસ્થા રક્તદાતાઓ માટે કરવાની વ્યવસ્થા પણ ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.

આજે આ વોરિયર્સ દ્વારા કરાયેલ રક્તદાન માટે તમામને સો સો સલામ.

મળતી વિગતો પ્રમાણે આ સગર્ભાઓમાં

● અનુસંધાન પાન-૭ પર


## રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

- ડેન્ગ્યુ એ મચ્છરથી ફેલાતો વાહકજન્ય રોગ છે. આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર અને ખુલ્લા પાણીમાં ઉત્પન્ન થાય છે.
- ડેન્ગ્યુના મચ્છરો પક્ષીકુંજ, કુંડા, ફ્રીઝની ટ્રે, ટાયર, ખુલ્લામાં પડેલો ભંગાર, પાણીના પીપ, બેરલ વિગેરેમાં ઈંડા મુકે છે.
- આ મચ્છરના ઈંડા પાણીના પાત્રોમાં પાણી વગર પણ એક વર્ષ સુધી જીવતા રહે છે.
- પાણીના તમામ પાત્રો અઠવાડિયામાં એક વખત ખાલી કરી, ઘસીને સાફ કરી તડકે સુકવવા ત્યારબાદ જ તેમાં પાણી ભરવું.
- આપના રહેણાંકના ભોંયરામાં, ધાબામાં, બગીચામાં, ફુવારામાં, બારીના છજામાં વિગેરે જગ્યાએ પાણી સ્થગિત ન થાય તેની કાળજી રાખવી.
- બાંધકામ ચાલુ હોય તેમાં તથા તેની આજુબાજુના વિસ્તારોમાં, મજૂરોના રહેણાંક બનાવ્યા હોય તો તે તમામ જગ્યાએ પાણીનો ભરાવો ન થાય તે જોવું. પાણી ભરવું આવશ્યક હોય તો તેમાં અઠવાડિયામાં બે વખત બળેલું ઓઈલ નાખવું.
- શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
- અંગત સુરક્ષા માટેના ઉપાયો કરો (મેટ, કોઈલ, રીપેલન્ટ અને મચ્છરદાનીનો ઉપયોગ કરવો) ઘરના બારીબારણાં પર મચ્છરજાળી લગાવો.
- ગુજરાત વેક્ટર બોર્ન ડીસીઝ કંટ્રોલ રેગ્યુલેશન ૨૦૧૭ અન્વયે મિલ્કત ધારકનો મિલ્કત / મિલ્કત વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો પ્રાપ્ત થવા તથા મચ્છર ઉત્પત્તિ સ્થાનો નાબૂદ ના કરવા તે 'રોગચાળા અધિનિયમ ૧૮૯૭' હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર ગુના ગણાશે અને ધારા ધોરણો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

મેલેરિયા શાખા જિલ્લા પંચાયત, ગાંધીનગર


લાંબા સમયથી બંધ

# મીઠાઈ ફરસાણની દુકાનોમાંથી અખાદ્ય સામગ્રીનો નાશ કરાયો

### વહીવટી તંત્ર અને વેપારીઓ વચ્ચે કામગીરીનો સકારત્મક પરિચય

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેર અને તાલુકાની મીઠાઈ ફરસાણની દુકાનોમાં લોકડાઉનના લીધે લાંબા સમયથી પડી રહેલી બિનવપરાશી અખાદ્ય સામગ્રીનો નિકાલ ફુડ સેફટી ઓફિસર તેમજ વેપારીની ઉપસ્થિતિમાં કરાયો હતો. લોકડાઉન દરમિયાન આદેશના લીધે રાજયભરમાં મીઠાઈ ફરસાણના વેપારીઓની દુકાનો બંધ છે. લાંબા સમયથી વેપાર બંધ રહેતા દુકાનો ન ખોલી શકાતા વેચાણ વિના પડી રહેલી ખાદ્ય સામગ્રી અખાદ્ય બની ગઈ હતી. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ અખાદ્ય સામગ્રીના નિકાલનો નિર્ણય લેવાયો હતો જેના અંતે ગાંધીનગર તાલુકાની મીઠાઈ ફરસાણની દુકાનોમાંથી બિનવપરાશી સઘળી અખાદ્ય સામગ્રીનો નાશ ફુડ સેફટી અધિકારીઓ તથા વેપારીઓએ સાથે રહીને કર્યો હતો. આ કામગીરી વિવાદ અવરોધ વિના પુર્ણ કરી અધિકારીઓ અને વેપારીઓએ લોકભાગીદારીની સાથે સકારાત્મક સમન્વયનુ ઉદાહરણ પુરુ પાડયુ છે. ગાંધીનગર તાલુકા મીઠાઈ ફરસાણ એસોસિએશનના પ્રમુખ કૌશિક સુખડીયા તથા વેપારીમિત્રોએ તંત્ર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


# સત્ય પરેશાન થાય છે, પરાજીત નહિ : ભૂપેન્દ્રસિંહ

### ભૂપેન્દ્રસિંહને સુપ્રીમ કોર્ટે આપી મોટી રાહત : હાઇકોર્ટના ચુકાદા પર સ્ટે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત હાઈકોર્ટના ધોળકા બેઠકની ચૂંટણી રદ કરવાના ચૂકાદા સામે સુપ્રીમ કોર્ટે મનાઈ ફરમાવી હતી. આ ચુકાદાને આવકારતા રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ટ્વિટ કરી જણાવ્યું હતું કે, સત્ય પરેશાન થાય છે, પરાજિત નહિ. રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને પણ આવકાર્યો હતો.

ગુજરાતની ધોળકા સીટ પર ૨૦૧૭મા થયેલી વિધાનસભા ચૂંટણીને ગુજરાત હાઈકોર્ટે રદ કરી



હતી, જેને લઈને ભુપેન્દ્રસિંહ ચુડાસમા સુપ્રીમ કોર્ટ ગયા હતા, જ્યા આજે આ મામલે સુનાવણી થઈ હતી અને સુપ્રીમ કોર્ટે ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મોટી રાહત આપી છે અને હાઈકોર્ટના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે મૂકી દીધો છે. એટલે ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાલમાં તો શિક્ષણમંત્રી તરીકે કાર્યરત રહેશે જ. આ સિવાય સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચના જવાબદાર અધિકારીઓને નોટિસ પણ મોકલી છે. હવે આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com